# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ : ૧ અંક : ૧૧ ડિસેમ્બર, ૧૯૯૯

સંપાદક ટીમ
પ્રકાશ ભટ્ટી
દયા ચૌહાણ
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા


### શિક્ષણ

ભારતમાં આઝાદી પૂર્વે અને આઝાદી બાદ શિક્ષણ ક્ષેત્રે ઘણાં બધા પરિવર્તનો થયા છે. પણ શિક્ષણના સ્તરમાં ભાગ્યે જ કોઈ ફેરફાર થયો હશે. યોગ્ય શિક્ષણના અભાવે જે તે મુલ્કનો વિકાસ થઈ શકતો નથી. તે સૌએ અનુભવ્યુ છે. આપણે ત્યાં આઝાદી પછી વૈધિક અને અવૈધિક બંને પ્રકારના શિક્ષણ જોયા. શાળા – કોલેજો વૈધિક શિક્ષણ ચલાવે છે. તેમાં ન જોડાઈ શકનારાઓ માટે અવૈધિક શિક્ષણની સુવિધા સરકાર અને સંસ્થાઓ દ્વારા ઉભી થઈ ૧૫–૩૫ વય જુથના લોકો માટે પ્રૌઢ શિક્ષણકાર્યક્રમ અમલમાં આવ્યો, તેમાં રાત્રી વર્ગો દ્વારા લોકોને પ્રાથમિક શિક્ષણ આપવાનું શરૂ કર્યુ, સાથે સાથે શાળાએ ન જતા હોય કે શાળા છોડી દીધી હોય તેવા બાળકોને ફરી શાળાએ જતાં કરવા માટેનાં વર્ગો જે તે શાળાઓમાં શરૂ કરવામાં આવ્યા. પાછળથી સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ આ કાર્ય સંભાળ્યુ. આ કાર્યથી ઘણો લાભ થયો. તેમ અહેવાલો જણાવે છે. તેમ છતાં હજુ વધારે કંઈક કરવાની જરૂરિયાત જણાતા રાષ્ટ્રિય સાક્ષરતા પંચ દ્વારા લોક જાગૃતિ સાથે સાક્ષરતા અભિયાન ચલાવવામાં આવ્યું અને ૧૦૦ ટકા સાક્ષરતાના દાવાઓ કરવામાં આવ્યા. લોકોના જીવનનું સ્તર ઉંચું લાવવા માટે અક્ષરજ્ઞાનને સાર્થક ગણવામાં આવ્યું. વિકાસલક્ષી કાર્યોને છેવાડાના લોકો સુધી લઈ જવા અને તેમાં લોકોને સામેલ કરવા માટે જ્યારે લોક ભાગીદારીનો અભિગમ કેળવાયો ત્યારે ખ્યાલ આવ્યો કે શિક્ષણ પાછળ થયેલ આ બધી કસરતો જોઈએ તેટલી સફળ થઈ નથી કારણ કે લોકોના સંગઠનોના વહિવટમાં હજુ સહીના બદલે અંગૂઠાની છાપ જોવા મળે છે. જેથી તે વ્યકિતઓ પુરી રીતે સામેલ થઈ શકતી નથી. જોકે ૧૯૮૬ની શિક્ષણનીતીમાં શિક્ષણ પ્રસાર કાર્યક્રમને વેગ આપવા સાથે મહિલાઓ પર લક્ષ આપવા ખૂબ ભાર મૂકવામાં આવ્યો હતો. ખેડૂતો માટેનો અક્ષરજ્ઞાન કાર્યક્રમ શરૂ થયો, ગ્રામ શિક્ષા કાર્યક્રમ ચલાવાયો, આઈ.સી.ડી.એસ. પ્રોજેકટમાં પણ સ્ત્રીઓને શિક્ષણ – બાળકોને પૂરક પોષણ સાથે પૂર્વ પ્રાથમિક શિક્ષણ, આટ આટલા પ્રયત્ન છતા આઝાદી પછી અક્ષરજ્ઞાન ન ધરાવતા નાગરિકોની સંખ્યામાં કોઈ ફેર પડયો નથી. પણ હતાશ થયા વિના આ કાર્ય નિરંતર શિક્ષણના રૂપમાં આવી રહ્યુ છે. અમલીકરણના પ્રારંભના તબક્કાથી જ લોકોનાં સમૂહો જોડવામાં આવે અથવા લોક સમૂહો સામેથી આ કાર્ય પર નજર રાખશે તો હવે ચોક્કસ પરિણામો મેળવી શકાશે. આ થઈ અક્ષર જ્ઞાનની વાત પરંતૂ જે વૈધિક શિક્ષણ ચાલી રહ્યું છે તેમાં પણ વ્યાખ્યાન આધારિત શિક્ષણ પધ્ધતિને જો ઝડપથી બદલવામાં નહી આવે તો તેની પણ આવી જ સ્થિતિ થશે. વિદ્યાર્થીઓ અને વ્યાખ્યાતાઓ એક સાથે બેસીને પરસ્પર વિચારવિર્મશથી શિખવા –શિખવવાની પધ્ધતિઓ બનાવે, સહભાગી શિક્ષણ વ્યવસ્થા શરૂ થાય તો વિદ્યાર્થીઓ પદવી/પ્રમાણપત્ર થી વિશેષ કંઈક આમ, સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તન આપણે જોઈ શકીશુ.

### નિયુકિત

અમરેલીમાં છેલ્લા પંદર વર્ષથી પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત, ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડાયેલા અને સહકારી સંગઠન અપનાબજારના મેનેજર તરીકે ફરજ બજાવી રહેલ શ્રી જિતેન્દ્ર તળાવીયાની નિમણૂંક ગુજરાત ઈકોલોજી કમિશનના સભ્ય તરીકે થઈ છે. જે બદલ જિતુભાઈને ટપક પરિવાર અભિનંદન પાઠવે છે. ગુજરાત ઈકોલોજી કમિશન તેમના અનૂભવો અને જાણકારીનો પુરે પુરો ઉપયોગ કરે તેવી અભિલાષા છે.

### ડીરેકટરી

ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓની માહિતિ એક બીજાને મળી રહે તેવા હેતુથી સંગત અને ગ્રુપ – બાવળા એક ડીરેકટરી તૈયાર કરી રહ્યા છે. આ ડીરેકટરીમાં સમાવેશ માટે ફોર્મ ન મળ્યા હોય અને પોતાની વિગતો ડીરેકટરીમાંસમાવવા માંગતી હોય તેવી સંસ્થાઓએ/જુથોએ 'ગૃપ' ડી/૧૨ – ત્રિમૂર્તિ કોમ્પ્લેક્ષ સ્ટેશન રોડ, બાવળા, જિ. અમદાવાનો સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.

### પ્રતિભાવ

નવુ વર્ષ 'ટપક' માટે ખૂબ ટપકો અને ચાર પેઈજમાંથી વધીને આઠ બને,**યુગ યુગ જીવો 'ટપક',ટપકી ટપકીને ટકો ટપક, ટપકથી આનંદ ટપકે, ટપકથી મજા ટપકે, ટપકથી સમજ ટપકે, ટપકથી માહિતિ ટપકે.** ઈશ્વર યોગી

'ટપક' વાંચવામાં આવ્યું મને પણ 'ટપક'નિયમિત મળે તે માટે લવાજમની વિગતો મોકલી આપશો. ભારતી શાહ મોડાસા **સ્પર્શ દેસાઈ**(ઘાટકોપર મુંબઈ), **વિજય રાજયગુરૂ**(શહોર), **મગનભાઈ સેંજલીયા**(પચપચીયા), **દયાબહેન સેંજલીયા** (રબારીકા)એ 'ટપક'ને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે.

**શંકા એ આત્માનો એક રોગ છે.**

**અન્ના હજારે**

'હાથ માટે કામ અને પેટ માટે રોટી આપતી વોટરશેડ યોજના આઝાદી પછી તરતઅમલમાં આવી હોત તો દેશની હાલત આજે કંઈક જુદી જ હોત. પરંતુ હજુય સમય હાથમાંથી સરી નથી ગયો. વોટરશેડ જેવી લોકભાગીદારીનો મહિમા સમજાવતી યોજનાથી આપણે ગામડાને બેઠાં કરવાનાં છે અને તે રીતે દેશને શકિતશાળી બનાવવાનો છે.' સાવરકુંડલાના ખડસલી ગામે યોજાઈ ગયેલા વોટરશેડ મેનેજમેન્ટ કાર્યશિબિરના કાર્યક્રમમાં બોલતા મહારાષ્ટ્ર અને દેશના વિખ્યાત સામાજિક કાર્યકર શ્રી અન્નાસાહેબ હજારેએ ઉપરોકત ઉદ્દબોધન કરીને લોકોને સાચા અર્થમાં ગ્રામવિકાસ માટે મથવાનું આહવાન કર્યું હતું. આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશનાં ગામોના વિકાસ માટે પોતાનાં માર્ગદર્શનનો મહત્વનો ફાળો આપનાર શ્રી અન્નાસાહેબ વોટરશેડ યોજના દ્વારા ગ્રામવિકાસને વેગ આપવાના કાર્ય માટે આખા દેશમાં ખૂબ જાણીતા છે. કુદરતી સંસાધનોના અસરકારક જતન દ્વારા દેશનો વિકાસ થાય તે અંગે ભારત સરકારને પણ તેઓ ઉપયોગી માર્ગદર્શન અને સૂચનો પૂરાં પાડી રહ્યા છે. એમ 'ચરખા'ના અહેવાલમાં જણાવાયું છે.

અમદાવાદ સ્થિત સવૈછિક સંસ્થા ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર –ડીએસસી, શ્રી નવી દિલ્હીના સંયુકત ઉપક્રમે અત્રે યોજાઈ ગયેલા વોટરશેડ મેનેજમેન્ટ અંગેના કાર્યક્રમમાં તેઓ મુખ્યમહેમાન પદેથી ઉદ્દબોધન કરી રહ્યા હતા. વોટરશેડનાં કામોની સફળતા અંગે તેમણે જણાવ્યું હતું કે, તેમાં માત્ર ચેકડેમ કે પાળા બાંધી દેવાની વાત નથી. પરંતુ કુદરતનું જતન કરવાની વાત છે. વૃક્ષ અને ઘાંસનું મહત્વ ઘણું છે. તેથી તેના રક્ષણની વાત પણ વોટરશેડમાં કરાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારના કામમાં લોકોની સહભાગીતા થાય એ પ્રકારની વ્યવસ્થા ઉભી થવી જોઈએ. તેમણે દેશમાં વ્યાપેલા રાજકીય ભ્રષ્ટાચાર, શોષણ અને સામાજિક દૂષણો ઉપર આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાતમાં વોટરશેડનાં કામોથી આવેલાં સારા પરિવર્તન બદલ તેમણે ગ્રામિણજનોને અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમના સ્વાગત પ્રવચનમાં બોલાતા શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળના શ્રી મનુભાઈ મહેતાએ યોજના અંતર્ગત થયેલા કામોના ફાયદાની વાત કરી હતી. ટ્રેન્ચો બાંધવાથી પાણીનો સંગ્રહ થયો, ભેજ સંઘરી શકાયો અને તેને કારણે વિપુલ પ્રમાણમાં ઘાસચારો ઉપલબ્ધ થયો એમ તેમણે જણાવ્યું હતું ડીએસસીના અધ્યક્ષશ્રી અનિલભાઈ શાહે વોટરશેડ યોજનાને સરકારની સૌથી શ્રેષ્ઠ યોજના ગણાવતાં કહ્યું હતું કે ગ્રામજનોના કોઠાસૂઝ અને જ્ઞાનનો ઉપયોગ કરીને જળસ્ત્રાવ વિકાસનાં કામો લોકો દ્વારા જ કરવામાં આવ્યા છે આ યોજનાની સૌથી મહત્વની વાત છે. યોજના પૂરી થયા પછી પણ ગ્રામ સંગઠનો ગ્રામવિકાસ માટે મથ્યા રહે તેવી વ્યવસ્થા ઉભી કરવા માટે લોકોને તેમણે અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમ દરમ્યાન વોટરશેડનાં દ્રષ્ટાંતરૂપ સફળ કાર્યોનું પ્રદર્શન પણ યોજાયું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાતની કેટલીક સ્વૈછિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ પોતાના વિસ્તારમાં થયેલાં વોટરશેડના નમૂનારૂપ કાર્યોની રૂપરેખા આપી હતી. કાર્યક્રમમાં ગુજરાત સરકારનાં ગ્રામવિકાસ વિભાગના નાયબ કમિશ્નરશ્રી પી.પી. રાવલ, અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રીઆરિફ શેખ અને જુદી જુદી સ્વૈછિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત આશરે ૨૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન વોટરશેડ યોજના અંતર્ગત કાર્ય કરતા લોકોની અનુભવવાણી રજૂ કરતાં સંકલન 'સજીવ વાણી'નું વિમોચન શ્રી અન્નાસાહેબ હજારેના હસ્તે કરવામાં આવ્યું હતું.

**ગૃપની ગૃપ રચના**

'ગૃપ' સંસ્થા બાવળા દ્વારા ૫૦ જેટલા મહિલા સ્વસહાય બચત જુથોની રચના નળકાંઠામાં કરવામાં આવી જેમાં ૧૩૫૫ બહેનોએ બેવર્ષમાં ૩ લાખથી વધારે બચત ભેગી કરી છે. ૧૧–૧૨ નવેમ્બર દરમ્યાન ૧૦ ગામોના ૨૦ લીડર – ઉપલીડરની તાલીમ BSC અમદાવાદ મુકામે યોજાઈ જેમાં બહેનોનાં પ્રશ્નો , હિસાબો, લોન, ધિરાણ વિ. બાબતો પર ચર્ચા કરવામાં આવી. હવે પછી ૨૦૦ જેટલા સ્વાશ્રયી જુથ બનાવવાનો સંસ્થા નું લક્ષ છે. પઢાર જ્ઞાતિમાં જાગૃતિ લાવવા સંસ્થા દ્વારા કામગીરી ચાલી રહી છે.

**ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિનું સંમેલન યોજાયું.**

માનવકલ્યાણ ટ્રસ્ટ ખેરોજ અને મહિલા સ્વરાજ અભિયાન દ્વારા ૨૫/ ૧૦/ ૯૯ના રોજ ભવનાથ મંદિરખાતે
૨૯/ ૧૦/ ૯૯ ના રોજ વિજયનગર ખાતે અને ૨૮/ ૧૦/ ૯૯ ના રોજ દાતા ખાતે સંમેલન યોજાઈ ગયેલ જેમાં પંચાયતી, રાજનો ઈતિહાસ, પંચાયતધારો, પંચાયતને આપવામાં આવેલ સત્તા અને સરકાર દ્વારા ચાલતી સમાજસુરક્ષાની યોજના ઓ અને ગુ.રા.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડની યોજનાની માહિતિઓ આપવામાં આવી.

૩૩ ટકા મહિલા અનામત છે જેથી મહિલાઓ બહાર આવી છે પણ બહેનોએ વહીવટ જાતે સંભાળવો, તેમજ જળબગાડ અટકાવવાના પ્રયત્નોમાં સામેલ થવા બહેનોને સમજ આપવામાં આવી. તેમજ મહિલાઓની સમસ્યાના નિવારણ માટે પંચ બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી. સંસ્થાએ દાતા તાલુકાના ૩૯ પ્રતિનિધિઓ માટે ૨૭ અને ૨૮ ઓકટોબરના રોજ સહભાગી વનવ્યવસ્થા તાલીમ ગોઠવી.જેમાં જંગલનો ઈતિહાસ, વન અને પ્રાણીના સબંધો, હાલની જંગલી પરિસ્થિતિ અને જંગલો સાચવવાની જરૂરિયાતોપર ચર્ચા કરી.

**પોતે કમાયેલુ ધન ખાય તે પ્રકૃતિ, બીજાને કમાયેલું ખાય તે વિકૃતિ અને પોતે કમાયેલું ધન બીજાને ખવડાવે તે સંસ્કૃતિ**

**વોટરશેડ યોજના**

૧ જુલાઈ ૯૮થી હાથ ધરાયેલ ખાભા તાલુકાના ૧૦ પ્રોજેકટમાં રૂ.૭૪.૪૫ ફાળવણી સામે રૂ.૭૩.૪૬નો ખર્ચ થયેલ છે. અમલીકરણ સંસ્થાને EPA,તાલીમ, સંગઠન,વહિવટ વિ.માટે ફાળવેલ રૂ.૨૩.૬૦ માથી રૂ.૨૩.૪૧નો ખર્ચ થયેલ છે.

**શૈક્ષણિક કાર્ય**

પચપચીયા ગામે વોટરશેડ પ્રોજેકટના સર્વે દરમ્યાન સંસ્થાના પ્રમુખશ્રીધીરૂભાઈ વાગડીયા અને પ્રોજેકટ લીડર શ્રી સુરેખાબેન મહેતા એ શાળાની મૂલાકાત લીધી આચાર્ય પાસેથી જાણવા મળ ેલ કે ઘણા બાળકો શાળાએ આવતા નથી. તેમની પાછળનું કારણ મા – બાપની શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા હતી. કારણો ઘણાં જાણવા મળ્યા પણ મુખ્યત્વેખેતીવાળા કુટુંબના બાળકો શિક્ષણથી વંચિત રહેતા હતા. ત્યારે સંસ્થાએ પચપચીયા ગામમાં અને ત્યાર પછી બધાજ ગામોમાં બાળકોનો સર્વે કરી આ બાળકો માટે રાત્રી વર્ગ શરૂ કર્યા અને બાળકોને ફરી શાળાએ જતા થાય તેવા પ્રયત્ન શરૂ કર્યા.હાલ જીકીયાળી, રૂગનાથપુર,કોટડા,ભાડ,પચપચીયા,પીપરીયા, આંબલીયાંળા, એમ કુલ ૭ વર્ગો ચાલે છે. ૧૪૦બાળકો વર્ગ પર શિક્ષણ મેળ વી રહ્યા છે. જેમાં રૂગનાથપુરમાં બે મહિનામા જ બાળકોને ક્કો, બારાક્ષરી અને એકડા આવડી ગયા છે. આ સફળતા પાછળનું કારણ વર્ગ સંચાલક બચુભાઈ ડાભીની મહેનત છે.

**સ્વસહાય જુથ**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ખાંભા તાલુકાના છેવાડાના, પછાત અને અશિક્ષીત ગામડાઓમાં બચતના માધ્યમથી સ્વસહાય જુથો બનાવવામાં આવેલ છે. આજેબચત મંડળએ બચત મંડળ નહિ પણ સાચે જ સ્વસહાય જુથ બનેલ છે. બચતની સાથે –સાથે જુથો ગામ વિકાસના કામો પણ કરે છે. આ જુથોએ પોતાના ગામમાં જ નહી પણ ખાંભા તાલુકામાં પોતાની છાપ ઉભી કરેલ છે. કુલ ૧૮ જુથો માથી રાધેકુષ્ણ મહિલા મંડળ વાંકિયાની કહાની આપણે સાંભળીએ.

આ મંડળ તા. ૨૩/ ૯/ ૯૯ના રોજ શરૂ થયેલ છે. સભ્ય સંખ્યા ૨૫ છે. દર મહિને ૧૦ રૂા.ની બચત કરે છે. આજે મંડળની કુલ બચત રૂા. ૭૫૦/–જમા થયેલ છે. જુથની બચતની રકમ ઓછી છે પણ વિકાસના કામોમાં આગળ છે. આ જુથ ભરવાડના બહેનોનું બનેલું છે. તેમનું આજીવિકાનું સાધન એકમાત્ર ઘેટા – બકરા છે. રોગ આવતા તે એક પછી એક મૃત્યુ પામવા લાગ્યા.જેની સંખ્યા ૧૫૦ જેટલી થઈ ત્યારે જુથના બહેનોએ આ પ્રશ્નનો ઉકેલ લાવવા મીટીગ કરી. બહેનોએ ચર્ચા કરી કે હવે શું કરવું ત્યારે પ્રેમિલાબેન જાપડાએ કીધુ કે આપણે અમરેલી નાયબ પશુપાલન નિયામકશ્રીને પત્ર લખીએ દરેક સભ્યોવતી પ્રેમિલાબેને પત્ર લખેલ કે અમારે પશુઓમાં ઓરીનો રોગ લાગુ પડયો છે. ડોકટરને જાણ કરેલ છે છતાં દવાઓ કે પૂરતી રાહત મળેલ નથી. આમ બહેનોમાં પોતાના વ્યવસાય આધારિત પ્રશ્નો રજૂ કરવાની જાગૃતિ કેળવાઈ છે. તાલુકામાં કાર્યરત ૧૮ સ્વસહાય જુથો એ બચતની રકમ રૂા. ૨૫૯૮૫ /– એકત્ર કરી છે તે પૈકી ધિરાણ રૂા. ૯૨૦૦/– આપેલ છે જુથોને વ્યાજની આવક રૂા. ૫૬૯/– મળેલ છે.

**તાલીમ કાર્યક્રમ**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ચાલતા સ્વસહાય જુથના આગેવાનોની તાલીમ તા. ૨, નવેમ્બર ૧૯૯૯ના રોજ ગોકુલ ગાર્ડન, અમરેલીમાં યોજાયેલ જેમા તજજ્ઞ શ્રી હિમાંશુરાય રાવલ– નાબાર્ડ જુનાગઢ, શ્રી એચ.બી. ખૂંટ–શાખા પ્રબંધક જુ.અ.ગ્રા. બેંક, શ્રી સુમિત્રાબેન ઠક્કર, વર્ષાબેન પંડયા – આનંદી રાજકોટ, શ્રી મૃદૂલાબેન મહેતા –લીલીયા, નશરીન દલ્લા – સોશ્યલ ગૃપ અમરેલી, સંસ્થાના સાથી શ્રી બિપીનભાઈ જોષી, જયંતિભાઈ તળ ાવીયા, જયસુખભાઈ કયાડા એ જુથોને નડતી મુશ્કેલી, વિકાસના કાર્યો સાથે જુથનું જોડાણ, આવક વધારવા વ્યવસાયોની જાણકારી, ધિરાણમેળવવું, બેંકમાં ખાતું ખોલાવવું, હિસાબો રાખવા, જુથમાં સભ્યોની ભાગીદારી / સામેલગીરીનું મહત્વ વિ. બાબતો પર જુથના આગેવાન તેમજ મંત્રીશ્રીઓ સાથે રહી ચર્ચા વિચારણા કરવામાં આવી.

**ઘોડીયાઘર**

બાળકોને કેન્દ્ર પર આરોગ્ય જાળવણી, શિક્ષણ,રમત –ગમત, સ્પર્ધાઓ દ્વારા વિકાસનો પાયો મજબૂત કરવામાં આવે છે. ડિસેમ્બર '૯૯ દરમ્યાન બાલગીત સ્પર્ધાનું આયોજન કરેલ છે.

**યુવતિ વિકાસ કેન્દ્ર**

તા. ૨૦/ ૧૧/ ૯૯ના રોજ ખાંભા મૂકામે યુવતિ વિકાસ કેન્દ્ર દ્વારા જુથકાઉન્સેલીંગ યોજવામાં આવેલ જેમાં ૪૦ યુવતીઓએ માસિક ચક્ર વિશે તેમજ માસિક પીરીયડ વખતે પોતાને થતી તકલીફ જણાવી તેને દૂર કરવાના ઉપાયો વિશે માહિતી મેળવેલ છે. ઉપરાંત કેન્દ્ર પર ૪૮ બેહેનોએ આરોગ્ય, કાર્કિદી, સૌંદર્ય, જીવન સાથીની પસંદગી પર માહિતી મેળવેલ છે.

**સૌરાષ્ટ્ર મૈત્રી મંચ**

સૌરાષ્ટ્ર મૈત્રી મંચની ત્રીજી સાધારણ સભા જે.સી.કુમારપ્પા મહાવિદ્યાલય ગઢડા ખાતે તા. ૨૧ના રોજ મળી. જેમાં નેટવર્કનાં રજીસ્ટ્રેશનની દરખાસ્ત મંજૂર કરવામાં આવી. તેમજ સૌરાષ્ટ્રમાં જિલ્લાસ્તરે સંકલન કરવા ૨ કો – ઓર્ડીનેટરની નિમણૂંક કરવાનું સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યુ. આ ઉપરાંત નેટવર્ક જળ સમસ્યાને હળવી બનાવવાભાર મુકશે.

**કાર્યક્રમ પ્રબંધન તાલીમ**

સમસ્યા આધારીત કાર્યક્રમ તૈયાર કરવા તથા તેના અમલીકરણ આયોજન માટે સ્વૈ.સંસ્થાઓને તાલીમ આપવામાં આવી જેમાં સંસ્થાના બે પ્રતિનિધિઓ જોડાયા હતા.

**એકવાર જુના બંધનો ફગાવી દેવામાં આવેતો ફરીથી એ બંધનો એજ સ્વરૂપે લાદી શકાતા નથી.**

## ખેતીના વિકાસ માટે ટપક સિંચાઈ પધ્ધતિ એક નવીન અભિગમ

કોઈ પણ દેશને ખેતીના વિકાસ માટે જમીન અને પાણી પાયાની જરૂરીયાત છે ભારત જેવો દેશકે જ્યાં કાયમી ધોરણે પાણીની તંગી, અનિયમિત ચોમાસું અને તેમની મોટા ભાગની ખેતી વરસાદ આધારિત હોય છે. તેથી ટપક સિંચાઈ પધ્ધતિ ખૂબજ ઉપયોગી સાબિત થઈ રહી છે. પરંતુ ઈઝરાયલના ખેડુતોએ જે રીતે આ પધ્ધતિ અપનાવી તે રીતે હજુ ભારતના ખેડુતો અપનાવી શકયા નથી.

ગુજરાત રાજય માટે ટપક સિંચાઈ પધ્ધતિ ખેડુતોને વરદાન રૂપ સાબિત થઈ રહી છે. ગુજરાત રાજયના ૧૯૬ લાખ હેકટરના કુલ ભૌગોલીક વિસ્તાર પૈકી ૧૦૪ લાખ ખેડવા લાયક વિસ્તાર છે. તેમાથી ચોખ્ખો ખેતી વિસ્તાર ૯૬ લાખ હેકટર છે. ખેડાણ વિસ્તારના ફકત ૨૫ ટકા વિસ્તાર જ પિયત હેઠળ છે બાકીના ૭૫ ટકા વિસ્તાર વરસાદ આધારિત છે. રાજયના મોટા ભાગના વિસ્તારોમાં ચોમાસું ટૂંકુ, વરસાદ અનિયમિત અને અપૂરતો હોય છે. જેના લીધે લગભગ ૬૦ ટકા વિસ્તારના લોકો પાણીની અછત કે અર્ધ અછતનો સામનો કરી રહ્યા છે. જેમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનો સમાવેશ થાય છે.

આમ જમીનની ઉત્પાદન ક્ષમતા હોવા છતા પાણીના અભાવે પુરતું ઉત્પાદન લઈ શકાતું નથી. તથા વર્ષમાં ચોમાસા પૂરતી જ ખેતી થઈ શકે છે. રાજયના પિયત વિસ્તાર પૈકીના મોટાભાગના વિસ્તાર (૭૫ ટકા) માં ઉદવહન સિંચાઈ (લીફ્ટ ઈરીગેશન) થી પિયત કરવામાં આવે છે. ઉદવહન સિંચાઈમાં પિયત ખર્ચ નહેર સિંચાઈ કરતા અનેક ગણૂં વધારે હોય છે. જયારે પાણીનો જથ્થો સિમિત હોય છે.

ટપક સિંચાઈ પધ્ધતિ એટલે પાક કે છોડને જયારે જોઈએ ત્યારે જેટલી માત્રામાં જોઈએ તેટલી માત્રામાં અને જે જગ્યાએ જોઈએ ત્યાં ટીપે– ટીપે પાણી આપવાની પધ્ધતિ આ નવિનતમ પિયત પધ્ધતિમાં જમીનનો ભેજ, ખાતર, દવા વિગેરેનું નિયમન કરીને પાકનું વધુમાં વધુ ઉત્પાદન લેવાનો ખેતી કૌશલ્યનો એક નવો જ અભિગમ છે. આ પધ્ધતિ સુકા, અર્ધસુકા અને દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારો માટે ખૂબજ અનૂકુળ છે. આ પધ્ધતિ પહોળા અંતરે વવાતા ખેતી પાકો જેવા કે રીંગણ, ટામેટા, ભીંડા, મરચા, વિગેરે અને ફળ ફળાદીના પાકો જેવા કે પપૈયા, ચીકું, દાડમ, આંબા, દ્રાક્ષ, કેળ, જમરૂખ વિગેરે માટે ખૂબજ ઉપયોગી છે.

ટપક સિંચાઈ પધ્ધતિથી નીચે મૂજબના ફાયદા થાય છે.

(૧) પાકને એક સરખો અને સમયસપાણીનો પુરવઠો મળી રહે છે. (૨) જમીન બિન જરૂરી વિસ્તારમા ભીની ન રહેતી હોવાથી નિંદામણ અને જીવજંતુનો ઉપદ્રવ અટકાવી શકાયો છે. (૩) પાઈપ દ્વારા પાણી આપવાનું હોવાથી પાળા બાંધવા, નિકો કરવી અને પાણી વાળવું વગેરે જેવી ઝંઝટમાંથી મુકિત મળે છે.(૪) આ પધ્ધતિમાં ખાતરની ટાંકીની વ્યવસ્થા હોવાથી પાકને એક સરખા પ્રમાણમાં અને એક સાથે જ ખાતર આપી શકાય છે. અને ખાતર નાંખવાનો મજુરી ખર્ચ બચાવી શકાય છે.(૫) ડ્રીપ ઈરીગેશન થી જરૂરીયાત મૂજબનું પાણી મળતું હોવાથી ઉત્પાદન વધારે મેળવી શકાય છે. અને પાકની ગુણવત્તા જળવાય રહે છે. (૬) આ પધ્ધતિમાં પાણીનો બગાડ થતો ન હોવાથી નિકો દ્વારા જેટલા વિસ્તારમાં પિયત આપવામાં આવે તેનાથી ત્રણ ગણાં વિસ્તારમાં પિયત આપી શકાય છે.

નરેશ એમ. પાંચાણી – ફાચરીયા

Printed by Dhiren Vagadia and Published by Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centere (ESC) and Printed at Shakti Offset - Amereli and Published at Amreli, Editor Dhiren Vagadia, Amreli

Book -Post,Printed Matter
Post Regn. No. G/AMI-91/99

ESC

પ્રતિશ્રી, ____________________

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫

**ધીરજના ફળ મીઠા હોય છે.**